ગાંધીનગર સમાચાર
તા. ૨૧-૯-૨૦૧૩, શનિવાર

## તંત્રી સ્થાનેથી.....

### નેતાની ધાકથી દેશ ન છોડાય?

વિખ્યાત કન્નડ સાહિત્યકાર અનન્તમૂર્તિ એમની 'સંસ્કાર' નવલકથાને કારણે વિશેષ જાણીતા છે. તેઓ નેવુંના પ્રારંભિક દાયકામાં કેન્દ્રીય સાહિત્ય અકાદમીના અધ્યક્ષ પણ હતા. હમણાં તેઓ વતન મેંગલોર ખાતે સ્થાયી થયા છે. ભારતીય જ્ઞાનપીઠ દ્વારા અપાતો ભારતીય સાહિત્યનો સર્વોચ્ચ પુરસ્કાર- જ્ઞાનપીઠ એવોર્ડ મેળવી ચૂકેલા આ સર્જક રાજકારણથી દૂર રહેતા આવ્યા છે. પરંતુ હમણાં એમણે જે સ્ફોટક નિવેદન કર્યું છે એથી તેઓ એકાએક ચર્ચામાં આવી ગયા છે. એમણે કહ્યું છે કે જો નરેન્દ્ર મોદી દેશના વડાપ્રધાન બનશે તો હું આ દેશ જ છોડી દઈશ! યુ આર અનંતમૂર્તિ જેવા એક વિશ્વ પ્રસિદ્ધ સર્જક જ્યારે આવું વિધાન કરે ત્યારે દેખીતું છે કે એનો બૌદ્ધિક વર્તુળોમાં પડઘો પડ્યા વિના ન જ રહે. ભાજપે તો અપેક્ષિત પ્રતિનિવેદન કરી કહી જ દીધું છે કે અનંતમૂર્તિ દેશ છોડવા સ્વતંત્ર છે. ઉપરછલ્લી દૃષ્ટિએ જોતાં કન્નડ સાહિત્યકારના નિવેદનમાં કશું 'લોજિક' ન લાગે. પરંતુ સાહિત્યકાર તોઆર્ષદૃષ્ટા ગણાયો છે. એ ભીંત પાછળનું ભાળે છે. એ ભવિષ્યને સૂંઘી શકે છે. અનંતમૂર્તિને વ્યક્તિગત રીતે નરેન્દ્ર મોદી સામે કોઈ રાગદ્વેષ હોવાનું કોઈ કારણ નથી. એ છેક દૂર, મેંગલોર ખાતે રહે છે. એ કોઈ રાજકીય પાર્ટી સાથે સંકળાયેલા હોવાની પણ ખબર નથી. એમને શા માટે આવું આત્યંતિક વિધાન કરવું પડ્યું હશે? નરેન્દ્ર મોદી ભાજપના સર્વાનુમતે પ્રોજેક્ટ કરાઈ રહેલા વડાપ્રધાનપદના ઉમેદવાર છે. તેઓ ગુજરાતમાં છેલ્લા બારેક વર્ષથી મુખ્યમંત્રીપદ સંભાળી રહ્યા છે. ગુજરાતના કોઈ સાહિત્યકારે નરેન્દ્ર મોદીના ત્રાસથી ગુજરાત છોડી દીધું હોય એવો દાખલો અમારી જાણમાં નથી. એ સાચું કે મોદીએ ગુજરાતની સાહિત્ય અકાદમીને વર વગરની જાન બનાવી દીધી છે. યુનિવર્સિટી કક્ષાની શૈક્ષણિક સંસ્થાનોમાં એવા પોઠિયા અને ગોઠિયા ગોઠવી દીધા છે જે હાઈસ્કૂલ કે કોલેજના આચાર્ય તરીકે પણ ન ચાલી શકે. છતાં, હયાત હોત તો 'દર્શક' કે ઉમાશંકર જોશીના બરના સાહિત્યકારોએ આવી સ્થિતિમાં 'દેશ' છોડવાને બદલે જનજાગૃતિની અહાલેક જગાવી સરકારના કાન આમળવાનો જ વિકલ્પ પસંદ કર્યો હોત. અનન્તમૂર્તિનું નિવેદન વાંચતાંની સાથે કેટલાક મહાન સાહિત્યસર્જકો સાંભરી આવે છે. મીરાંબાઈએ રાણાના ત્રાસથી મેવાડ છોડીને દ્વારકા વહાલું કર્યું હતું 'રાણાજીના દેશમાં મારે જળ રે પીધાનો દોષ.' એમણે કરેલું ઐતિહાસિક પલાયન મીરાંને ગુજરાત સાથે જોડનારી ઘટના છે. રશિયન કવિ-નવલકથાકાર વ્લાદિમીર નોબોકોવ ઝારના ત્રાસથી દેશ છોડી ગયા હતા. એમને સ્વીટ્ઝલેન્ડે રાજયાશ્રય આપ્યો હતો. બાંગ્લાદેશની ક્રાંતિકારી લેખિકા તસલીમા નસરીને 'લજ્જા' લખીને આડો આંક વાળી દીધો હતો. કટ્ટરવાદીઓ એના લોહીના તરસ્યા બની ગયા હતા. ઘણાં વર્ષોથી સલમાન રશદીની જેમ તસલીમા પણ ઈસ્લામી કટ્ટરવાદીઓના સકંજામાંથી બચવા દર-દર ભટકી રહી છે. નરેન્દ્ર મોદી વડાપ્રધાન બનશે તો શું દેશમાં એવી આફત ઊતરી આવવાની છે? મરાઠી ભાષાના સાહિત્યકાર સ્વ. વિજય તેંડુલકર સદીના મહાન નાટ્યકાર તરીકે ઓળખાય છે. અનુગોધરા ઘટનાક્રમથી વ્યથિત થઈ એમણે કરેલું આત્યંતિક નિવેદન જાણીતું છે. એમણે નાટકીય શૈલીમાં કહ્યું હતું કે, 'મારી પાસે પિસ્તોલ હોય તો હું મોદીને શૂટ કરી દઉં...' વાણી સ્વાતંત્ર્યના અધિકારનો આવો વધુ પડતો 'સદુપયોગ' પણ ચિંતાનો જ વિષય ગણાવો જોઈએ. કોઈએક નેતાની ધાકથી સાહિત્યકારે દેશ છોડી જવો પડે એવો 'ઝારશાહી' કે 'નાઝીવાદ' કમસે કમ આ લોકશાહીના યુગમાં ભારત જેવા દેશમાં ભાગ્યે જ ફાલીફૂલી શકે. સાહિત્યકાર એના સમયનો સ્વયંસિદ્ધ નેતા છે. એને કોઈ રાજકીય નેતાથી ડરવાની જરૂર ખરી?

# સાધના સંસ્થા દ્વારા વિશેષ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૨૦

વિશિષ્ટ વ્યકિતઓના સર્વાંગી વિકાસ અને કલ્યાણ અર્થે છેલ્લા પાંચ વર્ષથી કાર્યરત સાધના પેરેન્ટસ એસોસીએશન ઓફ મેન્ટલી ચેલેન્જડ પર્સન્સ, ગાંધીનગર દ્વારા ગુજરાત રાજય સંગીત નાટક અકાદમીની પ્રતિશાભાળી યુવા દિગ્દર્શક સહાય યોજના હેઠળ તૈયાર થયેલું રોમાંચક મનોવૈજ્ઞાનિક નાટક 'પ્રપંચ' યોજાયું હતું. ડોકયુમેન્ટરીને ઉપસ્થિત મહાનુભાવોની હાજરીમાં ખુલ્લી મુકવામાં આવી હતી.




આ કાર્યક્રમના મુખ્ય અતિથિ તરીકે મૂલ્કી સેવા ટ્રીબ્યુનલના ચેરમેન શ્રી સી.એલ. મીના, આઈ.એ.એસ. (નિવૃત્ત), બાયસેગના શ્રી ટી.પી. સિંઘ, સંગીત નાટક અકાદમીના શ્રી પ્રદિપ આઝાદ, ભારતીય કિસાન સંઘના અગ્રણી શ્રી જીવણ દાદા, પંગૂમિત્રના શ્રી મહાવીસિંહ શેખાવત, જૈન સોશ્યલ ગ્રુપના શ્રી આર.ડી. ગાંધી, અધ્યાપક શ્રી રેણુકા મુખરજી અને શ્રી રાજી દાની, વિક્રમ પર્ફોમીંગ આર્ટસના શ્રી વિક્રમ પંચાલ ઉપસ્થિત રહ્યાં હતાં. ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે દિપ પ્રાગટય બાદ સંસ્થાના ઉપપ્રમુખ શ્રી રમણભાઈ ઠકકર દ્વારા પ્રાર્થના રજૂ કરેલ. સંસ્થાના પ્રમુખશ્રી ગંગારામભાઈ પટેલ દ્વારા મહેમાનોને આવકારતું સ્વાગત પ્રવચન કરેલ. સ્પેશિયલ બાળકો દ્વારા પુષ્પપુચ્છ દ્વારા ઉપસ્થિત મહેમાનોનું સ્વાગત કરવામાં આવેલ.

આ પ્રસંગે જેના માનમાં આયોજીત થયેલ તેવા વિશિષ્ટ બાળકો માટેની વેબસાઈટ (www.sadhnagandhinagar.org) તેમજ ડોકયુમેન્ટરીનું વિમોચન ઉપસ્થિત મહાનુભાવો અને સંસ્થાના પ્રમુખ મહામંત્રી સહિત ઉપસ્થિત હોદ્દેદારોની હાજરીમાં કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે આ ક્ષેત્રે વિશિષ્ટ સિધ્ધિ મેળવનારનું બહુમાન કરવામાં આવેલ. જેમાં સી.એ.ની પદવી હાંસલ કરનાર શ્રી અજીતસિંહ મહાવીરસિંહ શેખાવત, ધોરણ-૧૦ની પરીક્ષા પાસ કરનાર શ્રી હાર્દિક મોરાલભાઈ રૂપાલા, શ્રીમતી બ્રિદા દેવાંગ ઠકકર, શ્રી હીરલ આકાશ મુળીયાનું પ્રશસ્તિ પત્ર તેમજ શાલથી અભિવાદન કરવામાં આવેલ. ત્યારબાદ શ્રી સુભાષ શાહ લેખિત, શ્રી શૌનક વ્યાસ દિગ્દર્શિત, સહદિગ્દર્શક શ્રી પ્રશાંત જાદવ દ્વારા તૈયાર શિવાની ભટ્ટ, પ્રશાંત જાદવ, શૌનક વ્યાસ અભિનિત નાયક 'પ્રપંચ'ને રજૂ કરેલ જેને ઉપસ્થિત સૌએ માણ્યુ તેમજ વખાણ્યું હતું.



(તસવીર : કશ્યપ નિમાવત)

સમગ્ર કાર્યક્રમને જન સોશ્યલ ગ્રુપ, ગાંધીનગર બ્રેઈન સિક્રેટ-અમદાવાદ, ડૉ. હેતલ ચૌહાણ (ફિજીશીયન), શ્રી રતીલાલ એમ. પટેલ (વડોદરા), શ્રી અમૃતભાઈ પ્રજાપતિ-ગાંધીનગરનું આર્થિક યોગદાન પ્રાપ્ત થયેલ. કાર્યક્રમને સફળ બનાવવા સંસ્થાના પ્રમુખશ્રી ગંગારામભાઈ પટેલ, ઉપપ્રમુખ શ્રી રમણભાઈ ઠકકર, મહામંત્રી શ્રી ભાનુપ્રસાદ ચૌહાણ, કોષાધ્યક્ષ શ્રી પ્રવિણભાઈ મુળીયા, સહમંત્રી શ્રી પ્રજ્ઞેશ પટેલ, કારોબારી સદસ્યો તેમજ શ્રી કે.જી. ભીમજીયાણી, આઈ.એ.એસ. સચિવશ્રી, ગૌણ સેવા મંડળ, શ્રી હસમુખભાઈ જોશી-સભ્ય, ગૌણ સેવા મંડળ, ડૉ. થાનકી સહીત અનેક મહાનુભાવો, વાલીઓ, પત્રકારોનો સહયોગ પ્રાપ્ત થયો હતો.

કાર્યક્રમને અંતે આભારવિધિ સંસ્થાના મહામંત્રી શ્રી ભાનુપ્રસાદ ચૌહાણ દ્વારા કરવામાં આવેલ. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન જાણીતા નાટય કલાકાર તેમજ પત્રકાર શ્રી કુંતલ નિમાવત દ્વારા થયેલ.



કડી સર્વ વિશ્વવિદ્યાલય ગાંધીનગર સંચાલિત ફેકલ્ટી ઑફ ઍજ્યુકેશન ડિપાર્ટમેન્ટ અને શ્રી મોહનલાલ પટેલ સાહિત્ય વર્તુળના સંયુક્ત ઉપક્રમે કાવ્ય રચના સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કડી સર્વ વિશ્વવિદ્યાલય અને કડી સર્વ વિદ્યાલય સંચાલિત વિવિધ વિદ્યાશાખાઓમાંથી રસ ધરાવતાં વિદ્યાર્થીઓ તથા શિક્ષકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.



સાહેબ કાગડાને જલદી ખવડાવી દો.. સીઝનનો ટાઈમ છે. બીજા બાર ઘરે જવાનું છે...!!

## જિલ્લાકક્ષાની સ્પર્ધામાં લીંબોદરાના વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓ ઝળક્યા

ગાંધીનગર, તા. ૨૦

મહાદેવભાઈ દેસાઈ વ્યાયામ શાળા, સાદરા મુકામે જિલ્લાકક્ષાની એથલેટીક્સ રમતોત્સવ યોજાઈ ગયો. આ રમતોત્સવમાં જિલ્લાની અનેક શાળાના વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો. જેમાં પી.આર. શાહ હાઈસ્કૂલ લીંબોદરાના વિદ્યાર્થી, વિદ્યાર્થિનીઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી શાળાનું ગૌરવ વધારેલ છે.

આ રમતોત્સવમાં ૨૦૦ મી. દોડમાં કુ. શિલ્પા વસાવા, બીજા ક્રમે જ્યારે ઉંચી કૂદમાં કુ. મેઘલ વાઘેલા ત્રીજા ક્રમે આવેલ છે. તેમજ નિસર્ગ સાયન્સ સેન્ટર ગાંધીનગર ખાતે યોજાયેલ સ્પર્ધામાં સુભાષ દત્ત અને જયેન્દ્રસિંહ વાઘેલાની ટીમ વિજેતા થઈ હતી. વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓએ મેળવેલ સફળતા બદલ શાળા પરિવાર અનો આચાર્યશ્રી તેજસિંહ પરમાર દ્વારા અભિનંદન પાઠવ્યા છે.

## ચૌધરી કન્યા વિદ્યાલયની વિદ્યાર્થિનીઓએ ઝુંપડપટ્ટીની મુલાકાત લીધી

ગાંધીનગર, તા. ૨૦

જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલયની વિદ્યાર્થિનીઓ દ્વારા ઝુંપડપટ્ટીની મલુકાત લઈ લાડુ અને બિસ્કીટનું વિતરણ કર્યુ હતું. શાળાની વિદ્યાર્થિનીઓ અને શિક્ષિકાબહેનો દ્વારા એનએસએસ પ્રવૃત્તિના ભાગરૂપે શહેરમાં આવેલ સેક્ટર-૨ની ઝુંપડપટ્ટીની મુલાકાત લીધી હતી અને ઝુંપડપટ્ટીના રહીશો જોડે પોતાનો સમય વિતાવ્યો હતો. ઝુંપડપટ્ટીના રહીશોની વ્યથા જાણવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવેલ આ કાર્યને શાળાના આચાર્યશ્રી સંતોકબેને બિરદાવી અભિનંદન આપ્યા હતા.

## મનની એકાગ્રતા સફળતાની ચાવી વિષય પર વ્યાખ્યાનો યોજાયા

ગાંધીનગર, તા.૨૦

સ્વામી વિવેકાનંદજીની ૧૫૦મી જન્મજયંતિના ઉપક્રમે શ્રી રામકૃષ્ણ વિવેકાનંદ કેન્દ્ર દ્વારા શહેરની વિવિધ કોલેજોમાં વ્યાખ્યાન માળા યોજાઈ હતી.






શહેરની વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ જેવી કે બી.પી. પટેલ કોલેજ ઓફ બીઝનેશ એડમીનીસ્ટ્રેશન, જે.એમ.ચૌધરી ગર્લ્સ હાઈસ્કૂલ તેમજ સેલ્ફ ફાઈનાન્સ હાઈસ્કૂલ અને ઈન્ફોસીટી જુનિયર સાયન્સ કોલેજ ખાતે મનની એકાગ્રતા સફળતાની ચાવી વિષય પર વ્યાખ્યાન માળાનું આયોજન કરવામાં આવ્યું હતું. શ્રી રામકૃષ્ણ વિવેકાનંદ કેન્દ્રના અધ્યક્ષ રજનીકાન્ત ભટ્ટે વિદ્યાર્થીઓને મનની એકાગ્રતા એટલે શું? તે કેવી રીતે પ્રાપ્ત થાય છે અને તે પ્રાપ્ત કરવાના ઉપાયો વિશે ઉંડાણમાં માહિતી આપી હતી. તેમજ એકાગ્ર મનના ફાયદા, પાંચેય ઈન્દ્રિયોના સદુપયોગ અને તેના દ્વારા જીવનમાં સફળતા પ્રાપ્ત કરવા અંગે ખૂબ જ ઉપયોગી માર્ગદર્શન આપ્યું હતું. વિદ્યાર્થીઓએ આ વ્યાખ્યાન માળામાં ઉમળકાભેર ભાગ લીધો હતો તેમજ વ્યાખ્યાના અંતમાં પ્રશ્નોત્તરી કાર્યક્રમમાં જીજ્ઞાસા વશ પ્રશ્નોનો મારો પણ ચલાવ્યો હતો.

### બાલશ્રી એવોર્ડ સ્પર્ધા યોજાઈ

સેક્ટર-૨૮માં આવેલ બાલભવન ખાતે સ્થાનિક કક્ષાની બાલશ્રી એવોર્ડ માટેની સ્પર્ધા યોજાઈ ગઈ. આ સ્પર્ધા સર્જનાત્મક કલા, સર્જનાત્મક પ્રદર્શન સર્જનાત્મક લેખન અને સર્જનાત્મક વૈજ્ઞાનિક નવીનીકરણ જેવા ચાર વિભાગોમાં યોજાઈ હતી.

બાલભવન સોસાયટી ઓફ ગાંધીનગર દ્વારા યોજાયેલ આ સ્પર્ધામાં સર્જનાત્મક કલા વિભાગમાં યશ પટેલ, સર્જનાત્મક પ્રદર્શન કલામાં હરીઓમ ગઢવી, સર્જનાત્મક લેખનમાં હીમાંશી દેવાણી તથા સર્જનાત્મક વૈજ્ઞાનિક નવનીકરણમાં હરીયાળી ગજેરાએ પ્રથમ સ્થાન મેળવ્યું હતું.

## આંતરકોલેજ ક્રિકેટમાં સરકારી વિનયન કોલેજનો વિજય

ગાંધીનગર, તા. ૨૦

સે. ૧૫ સ્થિત સરકારી વિનયન કોલેજના મેદાન પર ગુજરાત યુનિવર્સિટી દક્ષિણ વિભાગની આંતર કોલેજ ક્રિકેટ ટૂર્નામેન્ટની મેચમાં સરકારી વિનયન કોલેજે વહેલાલની કોલેજ ઓફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશનની ટીમને ૬૦ રનથી પરાજય આપ્યો હતો. વિનયન કોલેજ તરફથી ઉત્કૃષ્ઠ પ્રદર્શન કરતા ઈન્દ્રનીલ મિધાએ નોટઆઈટ ૭૦ રન ફટકારી એક વિકેટ લેવા સાથે ઓલ રાઉન્ડ પ્રદર્શન કર્યું હતું. તેમજ યુવરાજસિંહ બિહોલાએ પણ બે વિકેટ ઝડપા ઉપરાંત ૪૫ રન ફટકાર્યા હતા. બોલીંગમાં વિજય વાઘેલાએ ૩ વિકેટ ખએરવી હતી. વિજેતા ટીમને કોલેજના આચાર્ય નિયતિબેન મિસ્ત્રી તેમજ જીમખાનાના ચેરમેન નરેન્દ્ર પરમાર સહિત સ્ટાફ મિત્રોએ અભિનંદન પાઠવ્યા હતા.

# 'બીગ બોસ' કો લોક કર દો...

## વિગેરે.. વિગેરે...

અજય ઉપાધ્યાય

જેમ ઇદ કે દિવાળી જેવા તહેવારો નવી ફિલ્મોને રિલીઝ કરવા માટેનું વગર જોયું મુર્હૂત છે તેવી જ રીતે ઓગષ્ટની આસપાસથી શરૂ કરીને નવરાત્રી-દિવાળી સુધીના સમયગાળામાં લોકપ્રિય અને લગભગ નિયમિત થઇ ગયેલા TV શો ને શરૂ કરવાનું ચલણ થઇ ગયું છે. પહેલી જ સિઝનથી લોકપ્રિયતાના નવા શિખરો સર કરનાર 'કૌન બનેગા કરોડપતિ' અને 'બીગ બોસ' પોતપોતાના નવા ફોર્મેટ, નવા સ્પર્ધકો અને નવીન ઉત્કંઠાઓ લઇને નાના પડદા પર ધૂમ મચાવતા થઇ ગયા છે. 'પાવર પપલું' જેવી રમતીયાળ નામ ધરાવતી નવી લાઇફ લાઇન અને પાંચમાંથી સાત કરોડના જંગી ઇનામી રકમ ધરાવતાં KBC નું સૌથી મોટું આકર્ષણ હોય તો એ છે ખુદ ગબ્બર યાની કી અમિતાભ બચ્ચન. લગભગ ચાર દાયકાથી અબાલ વૃદ્ધ સૌનો માનીતો આ અદાકાર એની શાલીનતા, સ્ક્રીન પ્રોઝેન્સ અને પોતાની પર્સનાલીટીથી મગજનું કહી કરી નાખે એવા પ્રશ્નો સાથે રજૂ થતા આ સુપરહીટ શો માં ચાર નહીં પણ સાત ચાંદ લગાવી દે છે. (ઇનામ સાત કરોડ તો ચાંદ' ય સાત જ લાગે ને!!) હજુ હમણાં જ એક કરોડપતિ બનાવી ચુકેલ આ શો માં ફાસ્ટેસ્ટ ફીંગર ફર્સ્ટ રાઉન્ડમાં એકની બદલે ત્રણ સવાલો પુછવાનો નવતર પ્રયોગ ઉત્કંઠા પ્રેરક છે. (અલબત્ત સ્પર્ધકો માટે જ સ્તો) સંપૂર્ણ સજ્જનતા અને શાલીનતાથી વિપરીત સલમાન ખાન ૧૫મી સપ્ટેમ્બરે ધમાલ-મસ્તી અને ગ્લેમર સાથે 'બીગ બોસ' ની સાતમી સિઝન લઇને હાજર થઇ ગયો છે. બીગ બોસનું ફોર્મેટ જ એવું છે કે દર વખતે કાંઇક ને કાંઇક નવીન રજૂઆત કરવીએ આ શોની ખાસીયત છે. જહન્નુમ અને જન્નત યાની સ્વર્ગ અને નરક જેવી બે અંતિમ છેડા ધરાવતી થીમ સાથે શરૂ થયેલી બીગ બોસની સાતમી સિઝનમાં દર વખતની જેમ જ મોટા ભાગના ભુલાઇ ગયેલાં અથવા તો ઓછા જાણીતા ચહેરાઓ જ સ્પર્ધક તરીકે બીગ બોસના ઘરમાં પુરાઇ ચુક્યા છે.

અજય દેવગનની વહુ અને દિલવાલે દુલ્હનિયાની સીમરનની ભુલાઇ ગયેલી બહેન તનીષા, નિર્માતા દિગ્દર્શક રાજકુમાર સંતોષીની બે-ચાર ફિલ્મો કરીને ફ્લોપ થયેલો પુત્ર અપમાન કોહલી, નાના પડદાના કલાકારો કુશલ, રજત રાજપૂત કે પતિપત્નીની જોડી અપૂર્વ અને શીલ્પા અગ્નિહોત્રીની સાથે એટેચ અને ઓળખાણ થતાં દર્શકોને હજુ વાર લાગશે. કામ્યા પંજાબી 'કોમેડી સર્કસ' શોને લીધે અને હઝલે કીચ ને સલમાનની સુપર હીટ મૂવી 'બોડી ગાર્ડ' ને લીધે દર્શકોમાં થોડી ઓળખાણ છે ખરી (કદાચ હઝળ તો એ કનેકન્શનને લીધે જ બીગ બોસમાં આવી હશે - બની શકે) એ જ રીતે સુપર સ્ટાર રાજેશ ખન્નાની પ્રેમિકા અનીતા અડવાણી માટે પણ કહી શકાય. ગૌહરખાનની સેક્સી ઇમેજ અને VJ એન્ડીની બકબક કરવાની વૃત્તિ આ શોમાં તડકા લગાવશે એ નક્કી છે. રજત રવૈલ અને પ્રત્યુશા બેનરજી કદાચ આ શોના ડાર્ક હોર્સ છે. બીગ બોસનો વિવાદીત ભૂતકાળ જોતા ફરી એકવાર દર્શકોને આવનારા ૧૦૪ દિવસો દરમિયાન ગાળા-ગાળી, લફરાઓ, રોના-ધોના, ઝઘડાઓ અને એનાથી પણ વિશેષ કોઇ વિવાદ જોવા મળે તો નવાઇ નહીં. જો કે આ વિવાદો જ આ શોની સરળતાની ગેરંટી છે એમાં ના નહીં. અત્યારે તો એક હપ્તાના પાંચ કરોડ ફી વસૂલતા સલમાનખાન અને કુલ ૧૨૦ કરોડ ના ખર્ચ સાથે રજૂ થનાર આ શો ધીરે ધીરે દર્શકોમાં ચાહના મેળવી રહ્યો છે.

આ બંને દમદાર શો જેવા જ એક બીજો શો કલર્સ ચેનલ પર ઓક્ટોબરમાં શરૂ થશે. "24" નામ ધરાવતો અને અનિલકપૂર, અનુપમ ખેર, મંદિરા બેદી જેવી સ્ટારકાસ્ટ વાળો આ થ્રીલર શો મૂળ અમેરિકન ચેનલ પર આ જ નામથી રજૂ થયેલ અને ખુબ જ સફળ થયેલ શોની હિન્દી આવૃત્તિ છે. એન્ટી ટેરીરીસ્ટ યુનિટ ના ઓફિસર જયસિંઘ રાઠોડ બનેલા અનિલ કપૂરની વડાપ્રધાન યુનિટના ઓફિસર જયસિંઘ રાઠોડ બનેલા અનિલ કપૂરની વડાપ્રધાનની હત્યાના કાવત્રાને અટકાવવાની જહેમત ને રજૂ કરતી વાર્તા ધરાવતા આ શોના ૨૪ એપિસોડ હશે. અનિલ કપૂર પાસે કાવત્રાખોરો સુધી પહોંચવા ફક્ત ૨૪ જ કલાક હોય છે અને દરેક હપ્તામાં એક કલાકની વાર્તા સમાવી લેવામાં આવશે. આવા નાવીન્ય ધરાવતી વાર્તા અને લોકપ્રિય કલાકારો ઉપરાંત 'દેલ્હી-બેલી' જેવી હટકે ફિલ્મનાં દિગ્દર્શક અભિનય દે નું દિગ્દર્શન આ શોને અચૂક લોકપ્રિય અને જોવાલાયક બનાવશે જ એમાં કોઇ બેમત નથી.

ફક્ત ૮૦ કરોડમાં બનેલી અને ફિલ્મ સમિક્ષકોની નેગેટીવ પબ્લિસીટી છતાં રૂકરૂકખાન ઉપ્પસ શાહરૂખ ખાનની 'ચેન્નેઇ એક્સપ્રેસ' એ ૨૫૦ કરોડની કમાણી કરીને બોલીવુડમાં વહેલી દિવાળી લાવી દીધી છે. તો સામે છેડે 'દિલ અને બેટા' જેવી ફિલ્મોનાં દિગ્દર્શકે ફરી એકવાર અશ્લીલ સંવાદો અને પુખ્યવયના માટે જ કહી શકાય એવી પોતાની જ અગાઉની સરળ ફિલ્મ 'મસ્તી'ની સીકવલ "ગ્રાન્ડ મસ્તી" રજૂ કરી સફળતાપૂર્વક સારો દેખાવ કરી રહી છે. એક ચોક્કસ વર્ગને આકર્ષતી આ ફૂલ - ટુ - મસ્તી ફિલ્મની પાછળ પાછળ જ રણધીરકપૂરની પણ એક ફિલ્મ આવી રહી છે અને નામ અને ટ્રેલર જોતા તો એવું જ લાગે છે કે ફરી એક વાર સિલ્વર સ્ક્રીન પર બદમાશી છવાઇ જશે એનું નામ જ છે 'બેશરમ' જો કે 'બરફી' અને 'યે જવાની હૈ દિવાની' ની કરોડી સફળતા પછી રણબીરનો ચાહકવર્ગ બેવડાઇ ગયો છે અને રિલીઝ પહેલાં જ આ બેશરમ ૧૦૦ કરોડ કમાઇ લેશે જ એવું અત્યારથી જ ચર્ચાઇ રહ્યું છે.

બેશરમ તો ૨ ઓક્ટોબરે રીલીઝ થશે એ પહેલાં ફ્રી પિરીયડમાં દિગ્દર્શક રાજકુમાર સંતોષીની શાહિદ કપૂર અભિનિત 'ફટા પોસ્ટર નીકલા હીરો' કેવો દેખાવ કરે છે તેના પર પણ બોલીવુડની નજર છે. 'તું મેરે અગલ-બગલ' જેવા અત્યારથી જ હીટ ગીત વાળી આ ફિલ્મ પર શાહિદને પણ ઘણી આશા હશે જ. ખાસ દર્શકો માટે એક પણ ગીત વિનાની 'ઇરફાન - નવાઝુદ્દીન સિદ્દીકીવાળી' 'લંચ બોક્સ' પણ આ જ દિવસે રજૂ થશે. કાન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં ક્રિટીક્સ એવોર્ડ જીતી ચુકેલી આ ફિલ્મ અચુક માણવા લાયક હશે.

૨૫મી ઓક્ટોબરે રિલીઝ થનારી સન્ની લિયોનની (એ કોણ એવું ના પૂછતાં ભૈ'સાબ...!!) અભિનીત (?) રાગીણી MMS ની પહેલા અક્ષયકુમાર અભિનિત 'બોસ' ની ધમાચકડી અને નવેમ્બરમાં રિલીઝ થનારી Sci-Fi 'ક્રીશ-૩', સંજય લીલા ભણશાલીની ફરી એકવાર ગુજરાતના બેક ગ્રાઉન્ડવાળી અને કચ્છમાં શૂટ થયેલી 'રામલીલા' થી લઇને કરીના-ઇમરાન ખાન સ્ટારર 'ગોરી તેરે પ્યાર મેં' સૈફ અભિનિત 'બુલેટ રાજા' અને જે ફિલ્મના આધારે આમીરખાને શાહરૂખની 'ચેન્નાઇ એક્સપ્રેસ' ની કમાણીનો રેકોર્ડ તોડવાની વાત ઉચ્ચારી છે તે 'ધૂમ-૩' સિલ્વર સ્ક્રીન ગજવવા આવી પહોંચશે.

પણ, આ બધા એટમ બોમ્બો સિલ્વર સ્ક્રીન પર ફૂટે ત્યાં સુધી 'બીગ બોસ ચાહતે હૈ કી આપ ૨૪ કો લોક કર દો.'

**રિમાઇન્ડર :**

"મદ્રાસ કેફે" જેવી ઉત્કૃષ્ઠ ફિલ્મ બનાવનાર પ્રદિપ સરકારની આગામી ફિલ્મમાં વિદ્યા બાલન, અમિતાભની પુત્રી બનશે 'પા' થી ઉલ્ટું.